# ગુજરાતી સાહિત્ય સરિતા

# Gujarati Sahitya Sarita


અંક: ૯

તારીખ: ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૦

રજૂકર્તાઃ ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટન

વેબસાઈટ: http://gujaratisahityasarita.org

# અનુક્રમણિકા


અનુક્રમણિકા ....... 2
ગુજરાતી શબ્દ સ્પર્ધા બૃહદ સ્તરે ઉજવાઇ ૧૦૧મી બેઠકમાં-પ્રવિણા કડકીયા ....... 3
ભૂલ – ગવાહી: પ્રવિણા કડકીયા ....... 7
આદતો.... ઈબાદતોની: ‘મનુજ’ હ્યુસ્તોનવી ....... 8
હૈયુ હરખાય: પ્રદીપ બ્રહ્મભટ્ટ ....... 9
હુંફાવી ગયું કોઇ: દેવિકાબેન ધ્રુવ ....... 10
સજન: વિજય શાહ ....... 11
“What is happiness”: Girish Desai ....... 11
સંમતિ લગ્ન - સરયૂ પરીખ ....... 12
સુખ- દુખ: હેમાબેન પટેલ ....... 13
“ભાવિનું ચિત્ર.”: ગીરીશ દેસાઇ....... 13
એક વેળા હતી- “રસિક” મેઘાણી ....... 14
બચીબેન અને બાબુભાઇ અમેરિકામાં-૬: કિરીટકુમાર ભક્તા....... 15
કુમકુમના પગલાં પાડતી વહુ-પ્રવિણા કડકીયા ....... 17
અધુરૂં સ્વપ્ન!: વિશ્વદીપ બારડ ....... 19
ગુજરાતી સાહિત્ય સરિતા સર્જકો પુસ્તકાલય .કોમ ઉપર ....... 22


રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ગુજરાતી શબ્દ સ્પર્ધા બૃહદ સ્તરે ઉજવાઇ ૧૦૧મી બેઠકમાં-પ્રવિણા કડકીયા



તસ્વીરો જય પટેલ અને વીડીયો મનોજ મહેતા, પ્રકાશ મજમુદાર અને સતીશ પરીખ

૩૦, જાન્યુઆરી, ૨૦૧૦ના વિજય મુહુર્તે ( સવારનાં ૧૨.૩૦ કલાકે) હ્યુસ્ટન નાં આર્યસમાજ નાં ભવ્ય હોલમાં ગુજરાતી સાહિત્ય સરિતાની ૧૦૧મી બેઠકમાં પૂજ્ય મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિને ભાવ પૂર્વક તેમને શ્રધ્ધાંજલી અર્પણ કરી. આજની બેઠક તેમના સત્યના આગ્રહને માન આપી, તેમના ગમતા શ્લોકથી શરુ થઇ

**"અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈજા**

**ઉંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા"**

પૂ. બાપુ માટે નાના, મોટા, અબાલ ,વૃધ્ધ સર્વેને અગણિત લાગણી તથા આદર છે તેનું દર્શન થયું. શૈલા મુન્શા, ધીરુભાઇ શાહ, નીરાબેન શાહ, પ્રવિણા કડકીઆ, વિજયભાઈ શાહ, દેવિકાબેન ધ્રુવ, પ્રશાંતભાઇ મુન્શા, પ્રકાશભાઇ મજમુદાર અને નુરુદ્દીનભાઇ દરેડીયાએ સુંદર રજુઆત કરી. દરેક્ની વાતો ગાંધીજીનાં સદગુણો ને જાણી તેનો જિંદગીમાં અમલ કરવાની હતી.અશોકભાઈ પટેલે સભાનું સુંદર સંચાલન કર્યું. તેમની વાણી તથા સંચાલનની કુશળતા દાદ માગી લે તેવી હતી. હવે સભાનો દોર વિજયભાઇ તથા વિશાલ મોણપરાએ હાથમાં લીધો.

"સત્યના પ્રયોગો" પર આધારિત

**ગુજરાતી શબ્દ સ્પર્ધા**

રજુકર્તા: ગુજરાતી સાહિત્ય સરિતા

પૂ ગાંધીજીની 'મારા સત્યના પ્રયોગો' પર આધારિત 'શબ્દાક્ષરી' ની શરૂઆત દેવીકા ધ્રુવ દ્વારા રચાયેલ સુંદર ગીતથી થઈ. સંગીતાબેન ધારિયા દ્વારા ગવાયેલ અને સંગીતબધ્ધ ગીતે શબ્દસ્પર્ધાનાં આયોજનનાં હેતુ અને રમવાનો પ્રકાર સુંદર રીતે સમજાવ્યો.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.


અતુલભાઇ કોઠારીએ આપેલ "સત્યનાં પ્રયોગો" માંથી ૫૦૦ શબ્દો શોધવા માટે પ્રવિણા કડકિયાએ બીડું ઉઠાવ્યું અને બે દિવસમાં તે કાર્ય વિજયભાઇને પહોંચાડ્યું. હવે તેના અર્થ શોધી વિશાલને આપવા માટે ટાઇપીંગ જાણતા દેવિકાબેન ધ્રુવ, શૈલાબેન મુન્શા. પ્રવિણાબેન કડકીયા અને વિજયભાઇએ 'ભગવદ ગો મંડળ' તથા બીજા શબ્દકોષોનો ઉપયોગ કરી શબ્દસ્પર્ધાનું મૂળ ભાથુ વિશાલ પાસે પહોંચાડ્યું. વિશાલે જરૂરી સર્વ નિયમોને સાંકળી વિશિષ્ટ કોમ્પ્યુટર પ્રોગ્રામ બનાવ્યો જેનો પ્રયોગ ૧૦૦મી બેઠકમાં થયો અને તે સમયે મળેલા સુચનો અને તકનીકી તકલીફો દુર કરીને શબ્દ સ્પર્ધા નો સોફ્ટ્વેર તૈયાર કર્યો.

**સત્યમ શિવમ અને સુંદરમ** એમ ૩ ટુકડીઓ રચાઇ અને પ્રવિણાબેન પાસે આવેલા પ્રથમ ૯ નામોને સ્ટેજ પર આવવા પ્રશાંત મુન્શાએ આમંત્રણ આપ્યું


**સત્યમ ટુકડીનાં નીખિલ મહેતા, શૈલા મુન્શા અને મનોજ મહેતા**



**શિવમ ટુકડીનાં દેવિકા ધ્રુવ, રસેશ દલાલ અને રીટા કોઠારી**




**સુંદરમ ટુકડીનાં પ્રવિણા કડકીયા, હેમાબેન પટેલ અને રિધ્ધિ દેસાઇ**



રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

વિજયભાઇએ શબ્દસ્પર્ધાનાં નિયમો સમજાવ્યા અને તે મુજબ દરેક પ્રતિસ્પર્ધી એ દોર એકમાં દસ શબ્દોનાં અર્થ આપવાનાં હતા અને જે સાચો પડે તેને એક ગુણ મળે અને ખોટા અર્થનાં ગુણ ના મળે તેમ સમજાવ્યું. સુમનભાઇ અજમેરી જેઓ નિર્ણાયક બનવાનાં હતા તેઓ ન આવતા તે કામ કાંતિભાઇ શાહને સોંપાયું.

નિર્ણાયક શ્રી કાંતિભાઇ શાહ



વિજયભાઇ, પ્રશાંત મુન્શા અને વિશાલ મોણપરા સ્ટેજ સજાવતા



વિશાલ કોમ્પ્યુટર દ્વારા શબ્દ આપતો હતો જે વિજયભાઇ સ્પર્ધકોને આપતા હતાઅને શ્રોતાઓ તેને પાછળ પડદા ઉપર જોતા હતા. ૫ સેકંડ બાદ તેના અર્થો પણ પડદા પર આવતા હતા. જેમના અર્થો ખોટા પડતા હતા ત્યારે કોમ્પ્યુટર કાચ તુટતો હોય તેવો અવાજ પેદા કરતું હતું. પ્રથમ દોર ૧૫ મીનીટમાં પૂરો થયો. ઘણા શબ્દોનાં અર્થો અંગ્રેજીમાં તરત આવતા હતા જ્યારે કવચિત ખોટા અર્થ ઘટનો એ શ્રોતાઓને જ્ઞાન સાથે ગમ્મત પુરી પાડી.

બીજા દોર શરુ કરતા પહેલા કાંતીભાઇએ ત્રણે ટુકડીમાંથી ઓછા ગુણ ધરાવતા પ્રતિસ્પર્ધકોને જવાનું હતુ. તે ત્રણ પ્રતિસ્પર્ધકોનાં નામ નિર્ણાયક શ્રી કાંતિભાઇ એ આપ્યા અને  તેમને રમતમાંથી દુર કર્યા. હવેના દોરમા દરેક સ્પર્ધકોને ૫ શબ્દો મળવાનાં હતા અને પુછાયેલ શબ્દોનાં બે અર્થ આપવાનાં હતા.વિજયભઇએ સ્પર્ધકોને ખાતરી આપી હતી કે પ્રથમ દોરના  એકેય શબ્દ ફરીથી નહીં પુછાય.

સાત મીનીટ ચાલેલ આ દોરમાં એક શબ્દનાં બીજા અર્થમાં તકલીફ પડતી હતી અને સમય પણ અગત્યનો હતો. કાંતીભાઇએ ફરીથી ત્રણેય ટુકડીમાંથી ઓછા ગુણ આવેલા નામો જાહેર કર્યા જેઓ સ્પર્ધામાંથી દુર થયા. ત્રીજા દોરમાં ત્રણ પ્રતિસ્પર્ધક હતા અને તેઓ પ્રથમ, દ્રીતિય અને તૃતિય સ્થાન માટે સ્પર્ધા કરતા હતા. જો બે જણ નાં સરખા ગુણ આવે તો તે સમયે અપાયેલા શબ્દ ઉપર બે લીટીનું કાવ્ય કે મુક્તક રજુ કરવાની કડક શરત સ્પર્ધકોમાં ધ્રાસકો પાડી ગઇ અને શ્રોતાઓને ઉત્તેજના અપાવી ગઈ. દેવિકાબેન ધ્રુવ ત્રણે શબ્દોનાં જવાબ આપી પ્રથમ વિજેતા બન્યા જ્યારે શૈલા મુન્શા અને રિધ્ધિબેન દેસાઇ વચ્ચે નંબર બે અને ત્રણ સ્થાન માટે કાવ્ય સર્જન પ્રક્રિયા થઇ જેમાં શૈલાબેન દ્રીતિય અને રિધ્ધિબેન તૃતિય આવ્યા.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.



આ રમત ખૂબ રસપ્રદ બની રહી. સમયની મર્યાદાને લક્ષમા રાખી ખૂબ સુંદર તેનું આયોજન હતું .રમત રમનારને તથા જોનારને સરખો આનંદ પ્રાપ્ત થયો. શબ્દાક્ષરી રમત ગુજરાતી ભાષાને રસપ્રદ બનાવવામાં સફળ નિવડી.

આ સ્પર્ધા કોઈ પણ ઉંમરનાને ધ્યાનમા રાખી રમી શકાય તેવી સરળ છે. નાના અમેરિકામા જન્મેલા બાળકો પણ માણી શકે તેમજ ૬૦ વર્ષની ઉપરના આપણા વડીલો પણ તેની લહેજત માણે તેવી સુંદર રીતે વિશાલે તેને કમપ્યુટર પર બનાવી છે. ગુજરાતી શબ્દ સ્પર્ધાનો પ્રયોગ ગુજરાતી સાહિત્ય સરિતાનાં માધ્યમથી મુકાયો અને સૌએ તેને માણ્યો તે બદલ વિશાલભાઇ, વિજયભાઇને તથા શબ્દ સ્પર્ધાનાં સ્પર્ધકોને સૌએ બીરદાવ્યા. છેલ્લે આભારદર્શન માટે રજુ થયેલ પાવર પોઇંટમાં ગુજરાતી સાહિત્ય સરિતાનું પ્રચલીત સુત્ર દર્શાવ્યુ.

**એક વ્યક્તિનું આ કામ નથી..સમુહનું જુઓ આ શુભ પરિણામ..**

વિશાલ મોણપરાએ તેમનો પ્રોગ્રામ જનહીતાર્થે અત્રે નિઃશુલ્ક મુક્યો છે. અહીં ક્લીક કરવાથી આપને આ પ્રોગ્રામ મળી શકશે. ગુજરાતી ઉપરાંત વિશાલે અન્ય ૮ ભારતીય ભાષા માટે શબ્દ સ્પર્ધાનો પ્રોગ્રામ તૈયાર કરેલ છે. ગુજરાતી શબ્દ સ્પર્ધાનો પ્રથમ પ્રયોગ નાના ભુલકાઓ માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદીર - હ્યુસ્ટન નાં સંતોએ કરેલો જે વિચારને વટવૃક્ષ બનાવવા ગુજરાતી સાહિત્ય સરિતા કટીબધ્ધ બની અને તે આજે સ્ટેજ ઉપર રજુ કરી એક નવી પ્રયોગાત્મક અને સરળ ગુજરાતી સાહિત્ય સંચાર,પ્રસાર અને સંવર્ધનનાં પ્રયાસોમાં આગેવાની લીધી. વિશાલભાઇ અને વિજયભાઇનાં કૌશલ્ય હેઠળ સૌ સભ્યોનો શત શત અભાર અને આનંદ હું વિશિષ્ટ રીતે વ્યક્ત કરીશ.

આ કાર્યક્રમને નજરોનજર માણવા માટે નીચેની વીડીયો લિંક પર ક્લિક કરો.

ભાગ ૧ (http://www.youtube.com/watch?v=wJKaKlho2Ac)

ભાગ ૨ (http://www.youtube.com/watch?v=iupWQkDLr3I)

ભાગ 3 (http://www.youtube.com/watch?v=LJKRsmRXNKM)

ભાગ ૪ (http://www.youtube.com/watch?v=aUdXLX9o0jM)

ભાગ ૫ (http://www.youtube.com/watch?v=VlFVjBJMMfw)

અહેવાલઃ પ્રવિણા કડકીયા.

# ભૂલ – ગવાહી: પ્રવિણા કડકીયા

ભૂલ તો બ્રહ્માથી પણ થાય
બ્રહ્માની ભૂલ 'માનવ' બ્રહ્માંડ હલાવે
ભૂલોની પરંપરા માનવથી સરજાય
હરદમ નવી મુશ્કેલી વરતાય
ભૂલો હંમેશા ઉલ્કાપાત મચાવે
જીવન નાવ ડામાડોળ કરાવે
કદીક ભૂલ આશિર્વાદ વરસાવે
પરિસ્થિતિનું નવનિર્માણ કરાવે
ભૂલોની યાદ શું વળે ?
ભૂલો ભૂલ મોક્ષ મળે.
માત્ર 'માતાપિતા'ને ભૂલો નહી
અસ્તિત્વની તેઓ છે ગવાહી!
પ્રવિણા કડકીયા

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# આદતો.... ઈબાદતોની: 'મનુજ' હ્યુસ્તોનવી

આદતો ઇબાદતોની આજ બદલાઈ રહી છે.
જાત આખી જાતમાંથી આજ વટલાઈ રહી છે.

એ ગયા એવી અદાથી, શું થયું પાછું અચાનક,
એમના પાછા વળ્યાની વાત ચરચાઈ રહી છે.

સફરમાં સંગાથની સાંકળ નડે એવું નહિં બને-
હા,સનમની ચૂપકીદીની જાળ વિખરાઈ રહી છે.

નાક વચ્ચે છે છતાં કેવો મઝાનો સંપ છે, અહિં-
આંખ રૂએ એક તો બીજી ય છલકાઈ રહી છે.

યાર સાથે યારના આ યારની રંગરેલિયાંઓ,
એમની આંખોમાં ચશ્મેદીદ ઝડપાઈ રહી છે.

શ્વાસમાં વિશ્વાસ હોવો છે જરૂરી જિવનમાં,પણ-
આંધળા અવિશ્વાસની ઉણપ વરતાઈ રહી છે.

ચાલવું પડશે, હવે બે હાથથી એવી શીખામણ,
પગ નથી જે અપંગના એને જ કહેવાઈ રહી છે.

કા'નની ભૂરાશમાં રાધા ભળી છે રતુંબડી, ને-
આજ એ ઘનશ્યામ થઈને સઘળે પુજાઈ રહી છે.

રાત નિકળી છે ભિખારણ જેમ અજવાળું કમાવા,
ચાંદનું છે પાત્ર કરમાં ને ભિક્ષા માંગી રહી છે.

અય મનુજ,એ જાય છે,અભિસાર કરવા કે છિનાળું
માનુનીની ચાલથી આ વાત પરખાઈ રહી છે.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# હૈયુ હરખાય: પ્રદીપ બ્રહ્મભટ્ટ

માતાનો પ્રેમ જ્યાં મળીજાય,ત્યાં પિતા ખુબ હરખાય
સંતાનનો સ્નેહ પામતાં,માબાપને જન્મ સફળ દેખાય
..........માતાનો પ્રેમ જ્યાં મળી.
નિત્ય સવારે નિર્મળ પ્રેમે, બાળકને વ્હાલ હેતથી થાય
ધીમેપગલે ચાલતાદેહને નિરખી,મા આંગળીપકડીજાય
પાપા પગલી છુટતાં નાની,જીવનને પગલે એ દેખાય
નિર્મળ જીવન સંતાનના જોતાં,માબાપનુ હૈયુ હરખાય
........માતાનો પ્રેમ જ્યાં મળી.
જીવનના સોપાનજોતાં,બાળકને મનમાં મુઝવણ થાય
પિતાપ્રેમથી ટાઢક મળતાં,સોપાન સરળ સૌ થઇ જાય
મનથી મહેનત કરતાં સાચી,ને શ્રધ્ધાનો લઇ સથવાર
સફળતાના સોપાન જોતાં,માબાપ અંતરથી છે હરખાય
.........માતાનો પ્રેમ જ્યાં મળી.
મળીજાય જીવનનીસાચીકેડી,જે સરળ માબાપને દેખાય
આનંદ અનંત આવતાહૈયે,આંખમાં હર્ષનાઆંસુ ઉભરાય
માનોપ્રેમ ને આશીશ પિતાની,મળી જાય સંતાનને હેતે
મળીજાય ત્યાં કૃપા પ્રભુની,સંતાન જીંદગી ઉજ્વળ દેખે
.........માતાનો પ્રેમ જ્યાં મળી.

પ્રદીપ બ્રહ્મભટ્ટ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.


# હુંફાવી ગયું કોઇ: દેવિકાબેન ધ્રુવ

પાંપણ વચાળે પૂરાતી પ્રેમથી, નિંદરને કાલે,
નસાડી ગયું કોઇ,
ગુમાની મનડાને  ઝીણા-શા જ્વરથી, ધીરેથી કાલે,
હુંફાવી ગયું કોઇ.
વિચારના  આગળાને માર્યાં'તા તાળા,સાંકળ રુદિયાની,
ખોલાવી ગયું કોઇ.
ટશરો ફૂટે ને છૂટે શરમના શેરડા,ગુલાલ ગાલે,
છંટાવી ગયું કોઇ.
દોરડી વિનાનુ આ ખેંચાણ મીઠું, કાં જાણેઅજાણે;
બંધાવી ગયું કોઇ.
અંદરથી એક સખી આવીને બહાર કહે,ભીતરની વાત
હવે કહી દે ને ભઇ !
કહેવાય નહિ ને રહેવાય નહિ, એક ઉંચેરા ઝુલણે,
ઝુલાવી ગયું કોઇ.
ઉજાગર વેઠીને નીરખે મન-દર્પણ,પ્રતિબિંબ નિજનું
બતાવી ગયું કોઇ.

દેવિકાબેન ધ્રુવ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

## સજન: વિજય શાહ



જા ને લુચ્ચા સજન love you

જા ને લાગણીઓથી તરબતર સજન love you

એક આંખે રડાવે Love you

પ્રાણથી અધિક વહાલોથી ભરેલ સજન love you

બીજી આંખે હસાવે Love you

મારા ચિત્તનો ચિત્તચોર પ્રેમાળ સજન love you

જાને જુઠ્ઠા સજન love you

ઉત્તમ સંવેદનો ને સમજથી ઠરેલ સજન love you

જા ને કહું પણ ના જા Love you

તારા પ્રેમનો કેવો જાદુ ઓ મારા સજન love you

વિજય શાહ

## "What is happiness": Girish Desai

Happiness = Command/Demand

If we have more command over things and people it makes us more happy

And also

If we have lesser demands of things from people it makes us more happy

Girish Desai

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# સંમતિ લગ્ન - સરયૂ પરીખ



Painting by Dilip Parikh

પસંદ પરમાણ એમ માએ કહ્યું
ને વળી કીધું કે પ્રેમ પછી આવશે
જઈ વેલી વિંટાઈ ગઈ વૃક્ષને
વચનો આપ્યા ને બન્યા જીવન સંગાથી
છાવરે છે વર્ષા ને વાતા વંટોળથી
પાંગરે રે કૂંપળ પ્રથમ પ્રેમથી
સુકોમળ કમળપત્ર પોયણીના નેહની
સૌને અર્પે એ છાંયા સુસ્નેહની
ગહેરી ગંભીર મલય બેલડી
પાનખર ગઈ, ગઈ કેટલી વસંત પણ
વિનીત વેલ વૃક્ષ એકમેકને સમર્પણ
પર્ણ  પૂષ્પ  આનબાન અર્પણ
બેમાંથી એક બને વિશ્વાસે વ્હાલ વધે
ઉત્તરોત્તર અંતરપટ રમ્ય ઋજુ સુક્ષ્મ બને
સંમતિનો લગ્નદીપ પ્રણય લય પ્રસારે

સરયૂ પરીખ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

## સુખ- દુખ: હેમાબેન પટેલ

સુખ અને દુખ આ બન્ને વસ્તુ દરેક્ના જીવનમાં સમાયેલુ હોય છે .દરેક મનુષ્યના જીવનમાં સુખ અને દુખ બંન્ને આવે છે .આપણી સામે જે પરિસ્થિતી આવે અને તે પરિસ્થિતી આપણા મનને ગમે નહી ,આપણા દિલને ગમે નહી એટ્લા સમય પુરતુ તે પરિસ્થિતી આપણને અનુકુળ ન આવે , જીન્દગી ઉદાસ થઈ જાય ,જીવન નીરસ લાગે આ પરિસ્થિતીને દુખ કહે છે .ખરેખરતો જીવનમાં દુખ આવ્યુ જ નથી ,દુખ આવ્યુ છે માણસના મનમાં અને દિલમાં .હવે આજ પરિસ્થિતીને જીવનમાં તેનો સામનો કરીને શાન્તિથી વિચારીને તેને જરા પણ મનમાં લીધા વીના આરામથી રહીયે તો મન ઉપર તેમજ દિલ ઉપર જરાય બોજો રહેતો નથી ,હળવાશ આવી જાય તો પછી એ દુખ છે જ નહી .

હવે બીજી રીતે જોઈએ તો આપણા જીવનમાં જે પરિસ્થિતી આવે અને આ સમયે આપણુ મન, આપણુ દિલ એક્દમ ખુશ હોય ,જીન્દગી આનંદમય લાગે, આજુબાજુના વાતાવરણમાં પણ ખુશીનો અનુભવ થાય ત્યારે આ પરિસ્થિતીને સુખ કહેવાય છે . એટ્લે સુખ અને દુખ એતો મનનો ભ્રમ છે. દરેક વ્યક્તિના ઉપર આધાર છે કે ગમે તેવી પરિસ્થિતીમાં તે કેવી રીતે રહે છે ,એટ્લે આપણે પોતેજ આપણા મન અને આપણા દિલમાં ,આપણા જીવનમાં સુખ દુખ ઉભા કરીયે છીયે . અગર આપણને સુખ દુખનો હર્ષ શોક થાય તો સુખ દુખ તો આપણા કર્મનુ ફળ છે .એટ્લે સુખ દુખનો હર્ષ શોક કરવાનો ન હોય.

નરસિહમહેતાએ ગાયુ છે- ,

"સુખ દુખ મનમાં ન આણીયે ઘટ સાથે રે ઘડીયા
ટાળ્યા તે કોઈના નવ ટળે રખુનાથના જડીયા ".

હેમાબેન પટેલ

## "ભાવિનું ચિત્ર.": ગીરીશ દેસાઇ

ભૂત સમો ન ગુરુ કોઇ,
વર્તમાન સમ ન કોઇ મિત્ર
આ બેઉના સહકાર થી જ
સર્જાય છે ભાવિનું ચિત્ર.

ગીરીશ દેસાઇ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# એક વેળા હતી- "રસિક" મેઘાણી

નોખ નોખા પથિક, પંથ નોખા હતાં, એક વેળા હતી
પ્રેમ પૂર્વક છતાં કેવા ભેગા હતાં, એક વેળા હતી
પાનખર પણ હતી, કંટકો પણ હતાં, ને કળી પણ હતી
પ્રેમ પુષ્પો છતાં ખિલ્યા કરતા હતાં, એક વેળા હતી
એક જેવોજ ચહેરો બધાનો હતો, પ્રાણ પ્યારો હતો
સૌના દરવાજે દર્પણ મઢેલા હતાં, એક વેળા હતી
સાથ રમ્યા હતાં, સાથ ભમ્યા હતાં, સાથ જીવ્યા હતાં
ધૂપમાં છાંયડો સાથ ઝંખ્યા હતાં, એક વેળા હતી
એક બીજાના દુઃખથી દુઃખી થઈ જતાં, એનું ઔષધ થતાં
જિંદગીના જખમ કેવા સહેલા હતાં, એક વેળા હતી
છાંયડો પણ હતો, ધૂપ બળતી હતી, રાત ઢળતી હતી
નોખી મંઝિલ છતાં સાથ ચાલ્યા હતાં, એક વેળા હતી
આજ એનાથી દિલ ઝગમગાવો બધે, ઘર સજાવો બધે
પ્રેમ જ્યોતિ 'રસિક' લઈ જે ચાલ્યા હતાં, એક વેળા હતી

"રસિક" મેઘાણી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# બચીબેન અને બાબુભાઇ અમેરિકામાં-૬: કિરીટકુમાર ભક્તા

નેશવીલનાં એરપોર્ટ ઉપર વિદાય કરવા આવેલા પ્રવિણભાઇ અને શારદાબેન ખરા અર્થમાં ગળગળા થઇને હાથ મીલાવતા બોલ્યા " આતિથ્યમાં અમારી કોઇ ભુલચુક થઇ હોય તો માફ કરશો" કહીને વિદાય લીધી. બાબુભાઇ તો પ્રવિણભાઇનાં શબ્દોથી ભાવ ભીના થઇ ગયા પણ બચીબેન બબડ્યા.."શારદાએ તો મને રસોડામાં પગ જ ના મુકવા દીધો..જાણે કે મારા જવાથી રસોડું ઘસાઇ ના જવાનું હોય!" બાબુભાઇએ એમની ભાવ સમાધીમાંથી યુ ટર્ન મારી બચીબેનને ધમકાવી કાઢ્યા " હોય હવે! કોઇને ના ગમતુ હોય..ને તેં વળી ક્યાં ગામની છોડીને..અરે ગામની છોડીને છોડ મારી સગી બેનને પણ તારા રસોડામાં તપેલુ પકડવા દીધુ છે?" અને બચીબેન ચુપ થઇ ગયા. બાબુભાઇ બધી બેગો ભેગી કરીને એરપોર્ટમાં ચેકીંગ કરાવા અંદર ગયા ત્યારે બચીબેન ની નજર એક ગોરી અને તેની સાથે આવેલો તેનો બોયફ્રેન્ડ જાહેરમાં ચુમા ચુમી કરતા જોઇ ને બગડ્યા..."મુઆઓને એમના માબાપે કશું શીખવ્યુંજ નથી." અને આ વર્તણુંક વિશે બાબુભાઇને કંઇ કહેવા જતા હતા ત્યાં તેમને છીંક આવી. અને નેશવીલમાં થયેલી શરદી એમને દરેક વાક્યની શરુઆતમાં એક અને વાક્ય પુરુ થાય ત્યારે બીજી છીંક એમ થોડોક સમય માટે ચાલી તેથી તેમની વર્તમાનની વાત ભુતકાળ બની ગઇ. વૈદ્યકાકાએ બાળપણથી શીખવેલું કે એલોપથી દવામાં આડઅસરો ઘણી તેથી તેઓ એલોપથી તો જાણે કરતા જ નહીં પણ બીજાનાં ઘરે શરદી થઇ તેથી નિર્દોષ વિક્સનો સહારો લીધેલો..અને વિક્સ ની નાની ડબ્બી પોતાની સાથે ઉપર બ્લાઉઝનાં ઉપરનાં ખીસ્સામાં મુકી રાખેલી. સીક્યોરીટીમાંથી બાબુભાઇ અને તેમની બેગો સહી સલામત નીકળઈ ગઇ. બચીબેનની પર્સ અને નાની હેંડ બેગ પણ નીકળી ગઇ. બચીબેન જેવા પસાર થવા ગયા અને મેટલ ડીટેક્ટર જોરથી વાગ્યુ. વામન મેક્સીકન બચીબેનને તપાસી શકે નહીં તેથી તેણે એક કાળી જાડી સીક્યોરીટી ઓફીસર તરફ જવા તેમને સુચવ્યુ. બચીબેન કાળી ઓફીસર પાસે જઇને ઉભા રહ્યા ત્યારે સ્થુળતાની દ્રષ્ટીએ જાણે બંને સ્પર્ધા કરતા હોય તેવુ બચીબેનને લાગ્યુ.. કાળી ઓફીસરે મેટલ ડીતેક્ટર પગથી ઉપર લેવા માંડ્યુ..ચંપલ થી શરુ કરી કમર સુધીતો કોઇ તકલીફ ન થઇ.પણ છાતી પાસે આવતાજ મેટલ ડીટેક્ટર જોરથી રણક્યું..

કાળી ઓફીસરે તેના ઘોઘરા અવાજ્માં જોરથી પુછ્યુ.." વોટ્સ ધીસ,"

કાળીના અવાજને દાબવા મોટા અવાજે બચીબેન ઉવાચ "ધીમેથી સ્પિક"

હવે મુંઝાવાનો વારો કાળીનો હતો તે ફરીથી એટલાજ મોટા અવાજે ગર્જી " વોટ?"

ત્યાં બચીબેન ને જ્ઞાન થયું કે તેમણે અંગ્રેજીમાં બાફ્યુ એટલે શબ્દ સુધારતા ફરી બોલ્યા"સ્લોલી બોલ"

આજુબાજુ વાળા સીક્યોરીટી વાળા હવે બચીબેનને ધ્યાનથી જોવામાંડ્યા..પેલી કાળી ઓફીસરે મેટલડીટેક્ટર છાતી પરની વિક્સની ડબ્બી પર ધરી ફરીથી પૂછ્યુ "વોટ ઇઝ ધીસ" હવે બચી બેન ને હાશ થઇ, ગભરાવાનું કારણ નથી અને બોલ્યા.." ઓ ધિસ? થીસ ઇસ આ બૉમ..માય શરદી..મેડીસીન બૉમ !"

મોટેથી બોલાયેલ બોમ શબ્દની અસર જોડે ઉભેલી કાળીને જબરજસ્ત થઇ. એની નાસી છુટવાની પ્રબળ ઇચ્છાને તેના સ્થુળકાય શરીરે બીલ્કુલ સાથ ન આપ્યો.તેથી યોગનાં કોઇ આસનની પૂર્વભુમિકા સ્વરુપે તે અંડાકાર થઇને જમીન ઉપર સુઇ ગઇ. પેલો વામન મેક્સીકન ઓફીસરમાં મર્કટ પ્રવેશ થયો હોય તેમ કુદીને બેલ્ટ પર અને ત્યાંથી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

મોનીટર ઉપર કુદ્યો. મોનીટરે વજન ન ઝીલાતા જમીનશરણ સ્વિકાર્યુ તેથી તે ઓફીસ બુઢા ગોરા ઉપર વામન મેક્સીકને ઉતરાણ કર્યુ..જે વજન ન ઝીલાતા ગોરાએ ચીસાચીસ કરી મુકી.કંઇક અજુગતુ બની રહ્યુ હોવાનાં અંદેશા સાથે ત્યાં ઉભેલી પ્રજાએ દોડ્ધામ મચાવી મુકી.પેસેન્જરોમાં ૯૧૧ જેવું કશુંક બની રહ્યું છે તેમ માનીને તે જગ્યાથી દુર ભાગી રહ્યા હતા. શીસ્તમય વાતાવરણમાં અચાનક હરીકેન આવ્યુ હોય તેમ એરપોર્ટ સ્ટાફ, સીક્યોરીટી ઓફીસર, બધા સલામત જગ્યા શોધવા માંડ્યા.

પી ટી ઉષા અને કાર્લ લુઇની ઝડપે ભાગતા સૌ મુસાફરોએ ક્ષણ માત્રમાં એર્પોર્ટ ખાલી કરી નાખ્યુ. બચીબેન, બાબુભાઇ અને પેલી કાળી સિક્યોરીટી ઓફીસર  સિવાય કોઇ ત્યાં ન રહ્યું ત્યારે બચીબેનને સમજાતુ નહોંતુકે આ ભાગ્દોડ શાની છે. અને કોઇ તેમની નજીક કેમ ન ફરક્યુ.. " મુ ઉ આપણે શું?" કહી તેઓ બાબુભાઇ તરફ જોતા હતા. બાબુભાઇ " હું યુધ્ધ નહીં કરું" કહેતા સ્થિતપ્રજ્ઞ અર્જુન ની જેમ હથિયાર નીચે નાખીને ઉભા રહી ગયા હતા. બોંબ સ્ક્વોડની બટાલીયન આવી ત્યારે બાબુભાઇએ બૉમ ને બામ માં ફેરવ્યો.. બચીબેન ની ફરીથી વિક્સની ડબ્બી કાઢી જડતી લેવાઇ બચીબેનને શંકાસ્પદ નજરે જોતા બ્લેક કમાંન્ડો સાથે વિમાનમાં દાખલ કરાયા.

વિમાનની અંદર બાબુભાઇએ બચીબેન ને કડક સુચના આપી કે હવેથી તારે કોઇ પણ જાતનું તોફાન  કરવાનું નથી. તારું ખાવા પીવાનું અને બાથરુમ જવાનું બંધ.ટેનસી થી હ્યુસ્ટન બે કલાક થશે ત્યાં સુધી બોલવાનું પણ બંધ. હ્યુસ્ટન ગયા પછી અને આ પ્લેનમાં થી ઉતર્યા પછી જે કરવું હોય તે કરજે. ૨૭ વર્ષનાં લગ્નજીવનમાં બાબુભાઇને આટલા ગંભીર ક્યારેય જોયા નહોંતા. અને એમને એ સમજાતુ નહોંતુ કે એવું તો એમણે શું કરી નાખ્યું કે તેઓ આટલા ગંભીર થઇ ગયા? ચુપ ચાપ મોં ફુલાવીને ચકળ વકળ આંખો કરતા તેઓ બેસી રહ્યા. બચીબેનની હાજરીમાં જેમ છુટા ફરતા હરણો પાંજરામાં પુરાયેલા વાઘને જોઇને જેમ ભયભીત બની જાય તેમ વિમાનમાં એર હોસ્ટેસ સહિત સૌ ઉતારુઓ ભયભીત હતા.સ્મશાનવત શાંતિ હતી જાણે કોઇકનાં બેસણામાં ના આવ્યા હોય? બચીબેનના બોલાયેલા બે અક્ષરોએ ગજબની કમાલ કરી. બાબુભાઇ અને બચીબેન સીવાયના બધા જાણે પેલા ધોરણ ૧૨માનાં અઘરા વિષયની પરિક્ષા આપતા હોય તેમ ગંભિરતા અને શિસ્તતાથી હ્યુસ્ટન આવ્યું ત્યાં સુધી બેસી રહ્યા.બ્લેક કમાંડો સહિત સહુને દહેશત હતીકે બચી બેન ફ્લાઇટ દરમ્યાન તકલીફ કરશે તેથી તેમની દરેક હલન ચલન ને ભારે ગંભીરતાથી લેવાતી હતી. એરહોસ્ટેસ નોકરીનાં દબાણ હેઠળ ચોકલેટ અને કોફી આપવા નીકળે પણ કોઇએ હા કે ના કહેવાની હિંમત ન કરી અને કોફી પોટ ભરેલોજ પાછો ગયો.

હ્યુસ્ટન ના એરપોર્ટ પર ઉતરાન થતાની સાથેજ બચીબેને દોડ મુકી અને બાબુભાઇ કંઇ પુછે તે પહેલા બચીબેને સ્ત્રીનો બાથરુમ શોધી કાઢ્યો. પાછા બહાર નીકળી પ્રમોદભાઇની ગાડી સુધી પહોંચતા પહોંચતા બચીબેને કરેલી દુર્ઘટનાઓની ચર્ચા નહી કરવાની વાત મનમાં રાખીને પ્રમોદભાઇને હોંડા ઓડીસીમાં બેસતા બચીબેને પ્રમોદભાઇને પુછ્યું " હેં પ્રમોદભાઇ આ તમારી મેટાડોરને ચાઇલ્ડ સેફટી લોક ખરું કે?" પ્રમોદભાઇને બ્રાંડ ન્યુ હોંડાને લાગેલુ મેટાડોરનું બીરુદ ના ગમ્યુ છતા હસતા હસતા કહે " ના. કેમ એમ પુછ્યુ?"

બાબુભાઇએ કમને ટેનેસીનો છબરડો કહ્યો ત્યારે પ્રમોદભાઇ બોલ્યા." ડીફેક્ટીવ પીસ" હશે.

ગાડીમાં ગોઠવાઇ ગયા ત્યારે પમોદભાઇ હળવેકથી બોલ્યા " મેટાડોર અને હોંડા ઓડીસીની સરખામણી જ ના થાય. આ ચાલે ત્યારે જોજો. અવાજ સુધ્ધા નહીં થાય."

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# કુમકુમના પગલાં પાડતી વહુ-પ્રવિણા કડકીયા



ત્રણે દિકરાઓમા સહુથી નાનો અને સહુથી વહાલો અંકુર જ્યારે ચાઇનીઝને પરણીને માને પગે લાગવા આવ્યો ત્યારે અનિતા ખૂબ દુઃખી થઈ.

તેને થયું સિંગાપોરમા જન્મેલો, ભારતીય સંસ્કૃતિથી રંગાયેલા મારા અંકુરે આવું પગલું ભર્યું કેવી રીતે? મોટા બંને દિકરાઓ ભારતીય છોકરીઓને પરણી તેમની ઘર ગૃહસ્થી પ્રેમથી સંભાળતા હતા. પાંચ વર્ષ પહેલાં પતિને ગુમાવ્યા. કહેવાય છે કે 'ભીંત અને કરો બે સાથે પડતા નથી'. કો ઈ પહેલું જાય અને બીજું પાછળ તેની યાદમા આંસુ સારે. અનિતાએ અંકુરને ત્યાં જવા આવવાનું ઓછું કરી નાખ્યું. પોતાના દિલની વાત પણ કરવાની બંધ કરી દીધી. મનમા ને મનમા મુંઝાતી જીવનના દિવસો પૂરા કરતી હતી. ત્રણ દિકરા અને બે દિકરીઓ છતાંય એકલતા. મોટા બંને દિકરાઓ પ્રસંગોપાત મા પાસે જતા. દિકરીઓ પોતાના ઘર સંસારમા ડૂબેલી હતી.

ચાઈનીઝ ચીંકાઈને સારા દિવસો રહ્યા. અનિતાને આનંદ થયો. ગમે તેમ તોયે અંકુર બાપ બનવાનો હતો તેથી મને કે કમને સુવાવડના સમય સાચવીને વહુને ઘરે જઈ પહોંચી. ચીંકાઈની મા પણ આવી હતી, બંનેએ સારી સરભરા કરી અને ગોદમા રમી રહેલ બાળકના કલબલાટથી આખું ઘર ગુંજી ઉઠયું. સમય સાચવીને અનિતા ઘર ભેગી થઈ ગઈ. પૌત્ર સુંદર હતો પણ કેમ અનિતાને ચાઈનીઝ પ્રત્યે અભાવ હતો તે સમજાતુ ન હતું. દિવસો વિતતા ગયા.

ચીંકાઈને ફરીથી સારા દિવસો રહ્યા. અંકુરે પણ માને ન જણાવ્યું. ચીંકાઈના મનમા કાંઈક જુદા વિચારો આકાર લઈ ચૂક્યા હતા. અચાનક સાત મહિના પૂરા થવા આવ્યા ત્યારે ઓચિંતી અનિતાના ઘરના આંગણે આવી ઉભી. અનિતા દીકરો વહુ અને પૌત્રને જોઈને અચરજમાં પડી ગઈ. ચીંકાઈ લગ્ન પછીના પાંચ વર્ષમા થોડું ગુજરાતી શીખી હતી. અંગ્રેજી તેને આવડતું હતુ. આવીને અનિતાને પગે લાગીને કહે 'મારી બીજી ડીલીવરી અંહી કરવી છે. લાસ્ટ ટાઈમ તમે મસાજ , મને ગમતું હતું'.

અંકુર મદદ કરીને બધું મા ને સમજાવતો હતો. અનિતા અવાચક બનીને બધું સાંભળતી હતી. ચીંકાઈ ડીલીવરીની બધી તૈયારી કરીન્રને આવી હતી. અમરનો રૂમ તૈયાર કર્યો. આવનાર બેબીનો બધો સામાન લઈને આવી હતી.

ઘરમા ની જરૂરિયાતની બધી ચીજ વસ્તુ અંકુરની સાથે જઈને લઈ આવી. આવનાર બાળકની તેમજ ઘરમા કોઈ વસ્તુની કમી ન રાખી. અનિતાને થયું આ અંકુરની વહુ જેને મેં પ્રેમ નથી દાખવ્યો તે આટલી બધી સમઝણ વાળી છે. હોંશે હોંશે તેના માટે બધી તૈયારી કરવામા મશગુલ થઈ ગઈ.

અંકુર પણ મા નુ આચરણ આનંદ પૂર્વક નિરખી રહ્યો હતો. મનમા ખુશ થતો હતો કે ચીકાઈ ખૂબ સમઝણ વાળી પૂરવાર થઈ. અનિતાએ ખૂબ સરસ રીતે આવનાર બાળકની તથા ચીંકાઈનું ધ્યાન રાખી તેમને પ્રેમ પૂર્વક સાચવ્યા. બે મહિના ચીંકાઈ માની સારવાર પામી. પહેલો દિકરો હતો અને બીજી આવી અમી અનિતા ખૂબ ખુશ હતી. બસ હવે છેલા દસ દિવસ હતા.

ચીકાઈ શનિવારે ચહા પીતા પીતા અંકુરને કહેવા લાગી આજે રજા છે. તું હેન્ડીમેન છે. ગો ટુ હોમ ડીપો, મેક અ લીસ્ટ , બાય એવરીથીંગ વોટેવર ઈઝ રીક્વાયરડ ટુ ફીક્સ મધર'સ હાઉસ'. મેક ઈટ જસ્ટ લાઈક બ્રાન્ડ ન્યૂ.' બે બાળકનો બાપ અંકૂર એકદમ કહ્યાગરા કંથની જેમ કામે વળગ્યો. અનિતાતો મુઢ બનીને જોઈ રહી હતી. તેને મનમા ખૂબ પસ્તાવો થયો આવી ગુણિયલ મારી વહુ તેને મેં શા કાજે દુભવી હશે? માત્ર કારણ એટલું કે તે હિંદુસ્તાની ન હતી. અરે આ તો મારી બે મોટી વહુ કરતા વધારે સંસ્કારી છે.

અંકુરે માનું આખું ઘર નવા જેવું કર્યું. ચીંકાઈ અનિતાનો ખૂબ આભાર માનતી રહી. કેવું સુંદર દ્રશ્ય અંકુર નિહાળી રહ્યો. માને પાછી મેળવી તે ખુબ ખુશખુશાલ જણાતો હતો. છેલ્લી રાત માના ઘરમા હતી. અંકુર ચીકાઈની બુધ્ધીને દાદ આપી આલિંગનમા જકડીને આભાર માની રહ્યો હતો. વધુ જોવાની ચાંદમા હિંમત નહતી તે વાદળ પાછળ સંતાઈ ગયો. અનિતા તન અને મનથી પ્રભુનો આભાર માની ભજન ગાઈ રહી હતી. મારા આંગણિયામા કુમ કુમના પગલાં પાડતી વહુ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# અધુરું સ્વપ્ન!: વિશ્વદીપ બારડ



'ડેની,મને ઊંઘ નથી આવતી, બહુંજ અન્કોમ્ફોર્ટેબલ (uncomfortable)લાગે છે" નીશા, ડેનીના માથાના વાળ પર સુંવાળો સ્પર્શ કરતાં બોલી.

'હની, હવે માત્ર બે દિવસ બાકી છે, પછી તું ફ્રી..'

'ડેની, પછી તું  તારા પ્રિન્સને દુધ પિવરાવીશ, ડાયપર્સ બદલીશ? જોબ પર કોણ જશે?'

'હું જોબ પરથી એક અઠવાડીયું રજા લઈ તને મદદ કરીશ.'

'યસ, ડાર્લિંગ..પણ અત્યારે તો તારો પ્રિન્સ બહું જ સતાવે છે, જરીએ સુવા દેતો નથી.'

ડેનીએ એમનો જમણો હાથ  વ્હાલથી નીશાના પેટ પર ફેરવતા બોલ્યો..'પ્રિન્સ બંટી , તારી મમ્મીને બહું નહીં પજવવાની ઓકે?

નીશાને પ્રેગનન્સીનો નવમો મહિનો ચાલતો હતો અને બે દિવસ પછી બેબી આવવાની તારીખ ડોકટરે આપેલી હતી.નીશા અને ડેની બન્ને અહીં  અમેરિકામાં જ જન્મેલા, હ્યુસ્ટનમાં સુગરલેન્ડ નેબરહૂડમાં એક જ સબેડીવિઝનમાં રહેતા હતાં. એક જ સ્કુલમાં એલીમેન્ટ્રીથી સાથે ભણેલાં. એક દિવસ નીશા સ્કુલબસ ચુકી ગઈ અને બહાર ધોધમાર વરસાદ પડતો હતો અને ડેનીને સ્કુલ-પ્રોજેકટ માટે રહ્યો હતો. નીશા પાસે ડેની આવી કહ્યુ:

'નીશા, શું બસ મીસ થઈ?

'હા, યાર,  ઠંડીથી ધ્રુજતા, ધ્રુજતા નીશા બોલી.

ડેનીએ પોતાનું જેકેટ કાઢી નીશાને આપ્યું.

'પણ તું જેકેટ વગર શું કરીશ? તને ઠંડી નથી લાગતી?'

'ના,' ડેનીએ ટુંકમાં જવાબ આપ્યો.

બીજી લેઈટ  પીક-અપ બસ આવી તેમાં બન્ને બેસી ઘર આવ્યા..

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

ડેની બે દિવસથી સ્કુલમાં નહોતો આવતો તેની ખબર પડતા નીશાએ ડેનીના ઘેર ફોન કર્યો ત્યારે ખબર પડી કે તેની શરદી  થઈ ગઈ હતી. નીશાને બહુજ બેડ ફીલ થયું: 'મારે લીધે જ ડેનીને શરદી થઈ ગઈ છે તેણે તેનું જેકેટ કાઢી મને આપી દીધું..Such a nice guy!નીશા મનોમન બોલી

બસ ત્યારેજ પ્રણયના અંકુર ફૂટ્યા!

વર્ષોથી અમેરિકા રહેતા ડેનીની મમ્મી ને આ સંબંધ મંજુર નહોતો. નીશા એમના મા-બાપની એકની એક છોકરી હતી.ટીન-એજર લવ એ અમેરિકામાં કોમન છે અને તેમાં તેમને કશો વાંધો નહોતો.

'ડેની, આ રખડેલ છોકરી સાથે તું ફરે છે મને જરીએ મંજુર નથી..ડેનીની મમ્મી તાડુકી બોલી..

'મમ્મી, તમે શું બોલો છો, તેનો તમને ખ્યાલ છે, શું નીશા રખડેલ છોકરી છે?'

જો ડેની આ ઘરમાં તારે રહેવું હોય તો અમારું કહ્યું તારે માનવું પડશે..

'નહીતર? ડેની પણ અપસેટ થઈ બોલ્યો.

'તું હવે અઢાર વર્ષનો થઈ ગયો છે,એડલ્ટ છો..'

'એટલે તમે મમ્મી શું કહેવા માંગો છો? હા, હું સમજી શકું છું.'

બસ ત્યારથી ડેની એ ઘર છોડ્યુ. ડેનીના ફાધરે ઘણું સમજાવ્યું: 'બેટા, તારી મમ્મીના સ્વભાવ પર ના જા..તારા ભવિષ્યનો તું વિચાર કર. મારે તારા મમ્મી સાથે આ  પનારા પડ્યા છે. ઘરમાં કંકાશ ને લીધે હું એકે બાજું બોલી નથી શકતો.

'ડેડી, હું તમારી સ્થિતી સમજી શકું તેમ છું..Don't warry, I will be OK!'

ડેની એ સ્કુલ છોડી..જોબ શરું કરી.નીશાએ ડેનીને પુરે પુરો સાથ આપ્યો..

નીશાએ પોતાના મા-બાપને કહ્યું:' આવી પરિસ્થિતીમાં મારે ડેનીને  કપરા સંજોગોમાં સાથ આપવો જોઈએ.અને હવે હું પણ એમની સાથે રહીશ.'

બન્નેએ એક બેડરૂમનું એપાર્ટમેન્ટ રાખી સાથે રહેવા લાગ્યા.

એક વરસ બાદ નીશા પ્રેગનન્ટ થઈ.

'ડેની, આ બાળકના જન્મબાદ આપણે લગ્ન કરી લેવા જોઈએ..ક્યાં સુધી હું કોમન-વાઈફ તરીકે તારી સાથે રહું? મારે લગ્નજીવનની એક સાચી પત્ની તરીકે તારી સાથે જીવન જીવવું છે..'

યસ, ડાર્લીંગ, મને પણ એજ ધડીની આતુરતા છે..બાળકના જન્મબાદ આપણે ધામ-ધૂમથી લગ્ન કરીશું.તારી આ વાતથી આજે હું પણ બહું ખુશ છું. Thank you darling. કહી ડેની એ નીશાને વ્હાલ ભર્યું  ચુંબન આપી ભેટી પડ્યો.

ડેની દિવસભર જોબ કરતો અને સાંજે પાર્ટ-ટાઈમ.ઈલેકટ્રીક ઈન્જીનયરનું સ્ટડી કરતો હતો અને નીશાનો એમાં પુરેપુરો સહકાર હતો.

'ડેની, તારે સવારે ઉઠી જોબ પર જવાનું છે, તું સુઈ જા?..હું પણ આડી પડી છું, ધીરે ધીરે ઊંઘ આવી જશે.

સવારે ૫.૩૦નો આલાર્મ વાગ્યો, ડેની ઉઠી  પોતાના માટે અને નીશા માટે ચા બનાવી.

'હની.. ઉઠવું છે? રાતે પછી ઊંઘ આવી ગઈ હતી?.નીશાના કપાળ પર વ્હાલભર્યું ચુંબન આપતા ડેની બોલ્યો.'

'યસ, ડેની થોડીવાર ઉઠીસ, તારી સાથે ચા-નાસ્તો કરી, તું જોબ પર જઈશ એટલે ફરી સુઈ જઈશ!'

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

બન્નેએ સાથે ચા અને ટોસ્ટ નો નાસ્તો કર્યો.જોબ પર જવા તૈયાર થઈ ગયો. છ વાગે એમની રાઈડ આવે.એમનો મિત્ર માઈક દરરોજ એમને રાઈડ  આપતો હતો..ડેની પાસે હજું કાર નહોતી.

'હની,હું બહાર રાઈડ માટે ઉભો છુ. બસ હવે બેબી આવવાને એક દિવસ બાકી છે. કાલે હું મારા બૉસને કહીશઃ મારી વાઈફને સીઝીરીનથી બેબી લેવાની છે તેથી હું કાલે નહી અવી શકું.'

'થેન્કુ, ડાર્લીંગ!'

બાય! કહી ડેની નીશાને કીસ કરી ઘર બહાર આવ્યો. નીશા ઘરની બારીમાંથી ડેનીને નિહાળી રહી હતી.

ધડ..ધડ..ધડ ત્રણચાર ધડાકા બોલ્યા..જાણે કે ગોળીઓનો વરસાદ...

નાશાએ ચીસ પાડી...'ડેની!!

માંડ, માંડ ઘર ખોલી બહાર આવી.લોહી..લોહાણ અવસ્થામાં ડેની બહાર પડ્યો હતો..Please help..help..help ની ચીસોથી નેબર જાગી ગયા..કોઈ પોલીસને ફોન કર્યો.સૌ મદદે ધસી આવ્યા..કોઈએ ત્રણ જણને ગન સાથે ગેટ-વે કારમાં નાસી જતાં જોયા. રૉબરી! કે શું?

પોલીસ, એમ્બ્યુલન્સ બધા દસ મિનિટમાં આવી પહોચ્યાં. પેરામેડીકે ડેનીને C.P.R આપવાનું શરૂં કર્યું..આ બાજું નીશા બે-ભાન અવસ્થામાં હતી. બન્નેને જુદી જુદી એબ્યુલન્સમાં નજીકના હોસ્પિટલમાં લઈ જવામા આવ્યા. એજ હોસ્પિટલમાં ડેનીનું મોત અને  હો્સ્પિટલમાં એજ સમયે તાત્કાલીક ડોકટરે સીઝીરીયન કર્યું , નીશાએ એક નવજાત બાળકને જન્મ આપ્યો! એક જ્યોત બુઝાઈ સાથો સાથ બીજી જ્યોત પ્રગટી!

વિશ્વદીપ બારડ

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# ગુજરાતી સાહિત્ય સરિતા સર્જકો પુસ્તકાલય .કોમ ઉપર

**કવિતાઓ**

ચીમન પટેલનાં કાવ્યો http://pustakalay.com/kavita.pdf

વિશ્વદીપ બારડ http://pustakalay.com/mykavita1.pdf

અશોક પટેલ http://pustakalay.com/mykavita1.pdf

મનોજ મહેતા http://pustakalay.com/mykavita1.pdf

પ્રવિણા કડકીયા http://pustakalay.com/mykavita1.pdf

વિજય શાહ http://pustakalay.com/mykavita1.pdf

સુરેશ બક્ષી http://pustakalay.com/mykavita1.pdf

**નવલ કથાઓ**

આંસુડે ચિતર્યા ગગન -વિજય શાહ http://pustakalay.com/aansude.pdf

પત્તાનો મહેલ-વિજય શાહ http://pustakalay.com/patta.pdf

**નવલીકા**

ફુલવાડી –ચીમન પટેલ http://pustakalay.com/phoolwadi.pdf

બહુલેખકો દ્વારા સર્જાયેલ સહિયારુ સર્જન- લઘુ નવલકથા

બીના ચીડીયા કા બસેરા http://pustakalay.com/chidiya.pdf

લીમડે મોહ્યાયુ મારુ મન http://pustakalay.com/limde.pdf

મીઠા જળનું મીન ઉદધીમાં http://pustakalay.com/mitha.pdf

સ્નેહનો ઉજાસ http://pustakalay.com/sneh.pdf

એશા ખુલ્લી કિતાબ http://pustakalay.com/esha.pdf

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.